**Selected verses of Ana(n)t Akhado to be sung before evening prayers during Jamati mushkil aasan satado and on the following Friday**

**Day 1**

આશાજી અમે સુજાતા તમે વર સ્વામી, શ્રેવા તમારી હુમ કીઅણાજી:
વિનવું વિનવું બહુરૂપે વિનવું, હુમ તેરે નામ પતીઅણા. હરી. (૬)

આશાજી, હમે ગુનેહગાર બંદાભી તેરા, તમે છો બક્ષણહારજી:
સરવે જીવ તમારી સેવાયે લાગા, તમે છો નર અવતાર. હરી૦ (૩૮)

આશાજી, અરજ વિનતી અમ તણી સાંભળો, કરીયે યે ફરયાદજી:
અમે ગુનેહગાર બંદા તેરા તમે છો દીન દયાળ. હરી૦ (૫૩)

આશાજી, પાપ અમારા ઉતારો સામી, અમે છીએ ગુન્હેગારજી:
દરસન તમારા જબહી મેં દેખ્યા, તારે છુટા સર્વે જંજાલ.
હરી૦ (૬૩)

આશાજી અમર માની અણુત ઉઠાયા, તેનું ભારજ ટાલોજી,
થોડે ધરમે ઉગારીને લેજો, મહેર કરો મોરા સામી. હરી૦ (૧૧૪)

આશાજી દીઓ દશોંદ ને અલીને સેવો, તો મન કરીયો વધાઈયુંજી,
તો મહાદન તમને દોયલો ન લાગે, બેસો શાહપીરને પાસ–
હરી૦..૮૨

આશાજી શુડ દસોંદ ને મુગજ ધરમ, ફલ તે મુનીવર જાણોજી;
હાલ વાયકે ગતમાંહે ગુજારો, તો પોહોંચે ગુરનરને હાથ
હરી૦ (૧૦૬)

(Please go to the next page)

**Selected verses of Ana(n)t Akhado to be sung before evening prayers during Jamati mushkil aasan satado and on the following Friday**

**Day 1 (continued)**

આશાજી ગુરગત ગંગામાંહે અમેજ બેઠા, પરતક ગુરનર અવતારજી;
કમાવો જે તમારી રોજી, તે માંહેથી દસોંદ આલો. હરી. (૩૪૮)

આશાજી દસોંદ દસમી પાંતી આલો, દોશ મ રાખો ભારીજી;
દસે અવતારે દસમી પાંતી, એમહી દસોંદ લીખાણી. હરી. (૩૪૯)

આશાજી સંધ્યા વેલા તમે મત કોઈ ચુકો, એ છે ગુરની એંધાણીજી;
એ વેલા તમને દીધી, કીધી તે દીનની બારી. હરી૦ (૨૫૨)

આશાજી બીજી વેલા એહીજ જાણો, રાત ઘડી છ ગઇ જાણોજી;
તે તો બારી દરગા તણી, ગુરથી થાવો હુશીઆર. હરી. (૨૫૩)

આશાજી ત્રીજી સંધ્યા પાછલી જાણો, ખટ ઘડી પરમાણોજી;
એ બારી સરગની ભણીએ, લેવે ગુરને હાથ. હરી૦ (૨૫૪)

આશાજી ચોથી બારી નહીં કુછ બોલે, નીત નીત કરવી વધાઈજી;
ગુરનરસું નીત હેતજ રાખો તો પહોંચો સરગદુઆર. હરી. (૨૫૫)

આશાજી પાંચમી બારી દસોંદની કહીએ, તે સહુથી મોટી જાણોજી;
તે માંહે તમે રહો હુશીયાર, તો રહેશો ગુરનરને સાથ. હરી. (૨૫૬)

**Original Source:** Pir Hasan Kabirdin's Ana(n)t Akha***d***o. Published by the Ismailia Association for India, Bombay, 1949; 1952.